




પાટનગર ગાંધીનગર ગઈકાલે વરસાદમય થઈ ગયું હતું. ઠેર-ઠેર પાણી ભરાયા, ભુવા પડ્યા, ઝાડ પડવાના દૃશ્યો નજરે પડ્યા હતા. સેક્ટર-૯ મેદાનમાં પાણી ભરાયા, સેક્ટર-૯ પોલીસ સ્ટેશન પાછળ ઝાડ પડ્યું, પથિકાશ્રમ સર્કલ પાસે જમીન પોચી થઈ ગઈ, બાંકડો ખસી ગયો, ચ-૩ સર્કલ પાસે મેદાનમાં પાણી ભરાયા, પંચદેવ મંદિર-સે. ૨૨ પરિસરમાં પાણી. (તસવીર : કશ્યપ નિમાવત)

## એલ.ડી.આર.પી. નજીક પડેલા ભુવામાં ચાર જણા ફસાયા

સે. ૧૫માં એલ.ડી. આર.પી. કોલેજ નજીક પડેલ એક ભુવામાં આજે ચાર માણસો પડી જતાં ગોકુલપુરામાં રહેતા રહીશોએ તેમને બચાવી લઈ બહાર કાઢ્યા હતા.

સે. ૧૫માં એલ.ડી. આર.પી. કોલેજ નજીક પડેલ એક ભુવામાં આજે ચાર માણસો પડી જતાં ગોકુલપુરામાં રહેતા રહીશોએ તેમને બચાવી લઈ બહાર કાઢ્યા હતા.

સે. ૧૫માં એલ. ડી. આર. પી.ની પાછળના ભાગમાં ગટરનું કામ ચાલતુ હોવાથી ત્યાં માટી પોચી પડી હોવાથી ભુવો પડ્યો હોવાનું જાણવા મળેલ છે. આજે સવારના સુમારે આ ભુવા પાસેથી પસાર થતા ચાર માણસો તેમાં ફસાઈ જવા પામ્યા હતા પરંતુ તેમની બુમોથી નજીકના ગોકુલપુરાના રહીશો દોડી ગયા હતા. અને આ ચારેય જણાને બહાર કાઢ્યા હતા.



લીલીછમ ધરતી જોઈ પ્રથમ નજરે કોઈ જંગલ જેવું લાગે પરંતુ આપણા ગાંધીનગરની આ તસવીર છે. ચોતરફ લીલી ચાદર ફેલાઈ હોય તેવું દૃશ્ય દેખાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# લીલા શાકભાજીના બેકાબુ ભાવોને નિયંત્રીત કરવા સરકારની ભૂમિકાની ખાસ જરૂરીયાત

## સરકાર જ જથ્થાબંધ વેપારી બને તો ખેડુત તથા પ્રજાજનોને ભાવનો લાભ મળે તેવો ખેડુતોનો મત

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં લીલા શાકભાજીના બેકાબુ બનેલા ભાવોથી આમ જનતા ત્રસ્ત બની છે અને આ વધેલા ભાવોના ગમે તે કારણ આગળ ધરી રીટેલર વેપારી તગડો નફો રળી રહ્યા છે અને સરકાર મુક પ્રેક્ષક બની ગઈ છે. લીલા શાકભાજીનું ઉત્પાદન કરતા ખેડૂતોને યોગ્ય વળતર મળતું નથી જયારે રીટેલરો બેફામ ભાવ લઈ પ્રજાજનોનું શોષણ કરતા હોવાનું ખેડૂતો માની રહ્યા છે. ત્યારે સરકાર જ સીધી દરમિયાનગીરી કરી જથ્થાબંધ વેપારીની ભૂમિકા અદા કરે તો ખેડૂત અને આમ પ્રજાને ભાવનો લાભ મળે અને બજારમાં શાકભાજી પ્રત્યે ફેલાતી અંધાધુંધી બંધ થાય તેવો મત ખેડૂતો વ્યકત કરી રહ્યા છે.

લીલા શાકભાજીની બારે માસની જરૂરિયાત દરમિયાન અનેકવાર શાકભાજીના ભાવોથી સરકાર પણ મુશ્કેલીઓ અનુભવે છે. રાજયમાં શાકભાજીનો વેપાર કરતા છુટક વેપારીઓનું એકચક ચક્રી શાસન પ્રજાજનોને પણ બાનમાં લઈ રહ્યું છે. જેમાં ખેડૂતોને કોઈ જ લાભ મળતો નથી. વધુમાં મોંઘવારીના નેજા હેઠળ કૃત્રીમ મોંઘવારી ઉભી કરવામાં આવે છે જેથી પ્રજાજનોની હાલત દયનીય બની જાય છે. રાજયના શાકભાજી ઉત્પાદન કરતા ખેડૂતોએ પોતાની હૈયા વરાળ કાઢતા જણાવ્યું હતું કે સરકારી પ્રતિનિધિની હાજરીમાં જો અમારી પાસેથી શાકભાજી ખરીદાય અને સરકારી પ્રતિનિધિની હાજરી વચ્ચે રીટેલ વેપાર થાય તો તફાવતનો સાચો ખ્યાલ આવી શકે તેમ છે.

ખેડૂતોએ જણાવ્યું છે કે સરકાર જ જથ્થાબંધ વેપારીની ભૂમિકા અદા કરી રાજયભરમાં તાલુકા મુજબ કોલ્ડ સ્ટોરેજ ઉભા કરી શાકભાજી ખેડૂતો પાસેથી ખરીદીને રીટેલ વેપારીઓને વેચાણ કરે તો વર્ષો જુની સમસ્યાનું સમાધાન થઈ શકે અને ભાવો સરકારી નિયંત્રણ હેઠળ આવે અને ખેડૂતોને યોગ્ય વળતર પ્રાપ્ત થાય અને ખેડૂતો શાકભાજીના વાવેતર તરફ વધુ પ્રેરાય. શાકભાજીનો કોલ્ડ સ્ટોરેજ થકી બગાડ અટકે અને ગુણવત્તા જળવાઈ રહે અને વ્યકિતગત ઈજારાશાહીનું અસ્તિત્વ ખતમ થઈ જાય.

વધુમાં ખેડૂતોને સરકારી કોલ્ડ સ્ટોરેજ સિવાય શાકભાજી વેચવા ઉપર પ્રતિબંધ લદાવો જોઈએ જેથી સરકારની બાજ નજર આ વેપાર ઉપર સતત રહ્યા કરે. હાલમાં ખેડુતો પાસેથી ૨૦ કિલોના ભાવે શાકભાજી ખરીદી કરી મુળભાવથી ૩ થી ૪ ગણા ભાવે વેપારીઓ પ્રજાજનો પાસેથી વસુલે છે. આમ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી અને પ્રજાજનોને મોંઘુદાટ શાકભાજી ખરીદવાની ફરજ પડે છે.

રાજયમાં ખેડૂતોને શાકભાજીનું યોગ્ય વળતર ન મળતા ઘણીવાર ખેડુતો શાકભાજી ઢોર ઢાંખરને નીરી દે છે જેથી શાકભાજીના બેકાબુ ભાવોને નિયંત્રિત કરવા સરકારની ભુમિકાની ખાસ જરુરિયાત હાલના સંજોગોમાં ઉભી થઈ હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ કલાકે નિરવભાઈ દવે, એચ-૧૦૪, શાલ્વિક શુકન વાવોલ, ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે બંકીમભાઈ મહેતા, પ્લોટ નં. ૬૬૮/૨, પંચવટી પાર્ક ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૬ દ્વારા શ્રાવણી માસ નિમિત્તે શિવ આરાધના આજે રાત્રે ૯-૦૦ વાગે જિજ્ઞેશભાઈ જોષી, પ્લોટ નં. ૪૪૪/૧ કિસાનનગર ખાતે યોજાશે.
- શ્રી શિવશકિત મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે શૈલેષભાઈ દવે ૧૪૧/૭બી-૧ સ્કુલ ગેટ નં. ૪ પાસે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે એક હજાર સમ્રાટ નમકિન પેકેટના હિંડોળા ઝુલાવવામાં આવશે. ભાવિ ભકતોને દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## કાર્યક્રમના સ્થળમાં ફેરફાર

હિંમતનગર, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાનો વિજયનગર તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ તા. ૧-૮-૨૦૧૪ શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે વિજયનગર મુકામે મામલતદાર કચેરી ખાતે યોજવા જણાવેલ છે જે અંગે સ્થળમાં ફેરફાર થતાં આ કાર્યક્રમ રાબેતા મુજબ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય જુની આર્ટસ કોલેજ વિજયનગર સ્થળે રાખેલ છે જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી છે.

# પાકવિમામાં ઉંચા પ્રિમીયમ અને ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કિસાન સંઘનો વિરોધ


## હાઈકોર્ટમાં જુની પાક વિમા પદ્ધતિ જ લાગુ કરવાની બાંયધરી આપી હોવા છતાં ૭ થી ૧૨.૫ ટકા પ્રિમીયમ વધારો લાગુ કરાયો : કેટલાક જિલ્લાઓમાં હજુ સુધી પાકવિમાનો લાભ નથી મળતો

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશ દ્વારા કેન્દ્ર સરકારની પાક વિમા પદ્ધતિમાં પ્રિમીયમના ઉંચા દર અને રજીસ્ટ્રેશન પદ્ધતિ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. યુપીએ સરકારની પાક વિમા પદ્ધતિમાં નવીન હવામાન આધારિત ખાનગી કંપની દ્વારા પાકવિમા પદ્ધતિ લાગુ થનાર હતી તેને કિસાન સંઘ દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. સંઘની આ રીટ સામે સરકારી અધિકારીઓએ એફીડેવીટ કરીને જુની પદ્ધતિ જ લાગુ કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

સરકાર દ્વારા જુની પદ્ધતિ લાગુ કરવાની હાઈકોર્ટમાં એફીડેવીટ હોવા છતાં ચોમાસાના વિલંબ અને વીમા પદ્ધતિ લાગુ કરવાના વિલંબથી વીમા કંપની દ્વારા ૧.૫ થી ૩.૫ ટકાને બદલે ૭ થી ૧૨.૫ ટકા પ્રિમીયમ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવાના રાજ્યના કિસાનોમાં આક્રોશની લાગણી પ્રસરેલ છે. ભારતીય કિસાન સંઘ દ્વારા રાજ્યના કૃષિમંત્રી બાબુભાઈ બોખિરીયા તેમજ રાજ્યના કૃષિ નિયામકને આ અંગે રજૂઆત કરી તેનો વિરોધ નોંધાવ્યો છે. કિસાનસંઘની આ રજૂઆતના પગલે કેન્દ્રમાં વધારાના પ્રિમીયમના ભારણ અંગે ૫૦ ટકા રાજ્ય સરકાર અને ૫૦ ટકા કેન્દ્ર સરકાર ભોગવે તે માટે માંગણી-દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત કિસાન સંઘે પાકવિમાની પદ્ધતિ, ઉંચા પ્રીમીયમ સિવાય તેના ક્રોપકટીંગ, એનાલીલીસ, ગ્રામ એકમ, પાકેલા નાણાની ચુકવણી સહિત કેટલાક જિલ્લાઓમાં આજ સુધી પાકવિમાનો લાભ નહી મળવા બાબતે અને ફરજિયાત પાકવિમા પદ્ધતિનો પણ વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

## વડીલોને વંદન અભિનંદન



જગતસિંહ એમ. રૂપારેલ
(૧૯૨૮) ફોન: ૨૩૨૨૭૯૮૨



ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળ એક વૃક્ષ ધરાશાયી થઈ ગયું. ઘણા દિવસ થઈ ગયા પરંતુ હજી ત્યાં કોઈ વન વિભાગનાં અધિકારીઓ ફરકવા તૈયાર નથી. નગરમાં આવા કેટલાય વૃક્ષો સુકાઈ ગયેલા અને પડી ગયેલ હાલતમાં છે. પણ લાગે છે 'વન મહોત્સવ'ની તૈયારીમાં વ્યસ્તતાને લીધે કામગીરીમાં ઢીલાશ વર્તાઈ રહી હોય તેનું નગરજનોમાં ચર્ચા થઈ રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## શબ્દાવલી - ૫૪૬૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૮ | | ૯ | |
| ■ | ૧૦ | | ૧૧ | | ■ | | ■ |
| ૧૨ | | ■ | | ■ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | | | |
| ૧૮ | | | ૧૯ | ■ | | ■ | |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | |

### આડી ચાવી

૧. શક્યતા, શક્ય હોય તેવું (૪)
૫. વધારે નહિ તેવું (૩)
૭. જોડવું, જોતર વડે પશુને ધુંસરી સાથે જોડવું (૪)
૮. મોટપ, વડીલપણું (૪)
૧૦. આડા થવું, નડવું (૪)
૧૨. ક્રોધ, ગુસ્સો (૨)
૧૩. અજવાળું (૩)
૧૫. હોમ..., અનુષ્ઠાન (૩)
૧૭. ચોકિયાત, રખેવાળ (૪)
૧૮. રાડો, પાડવી, ઘાંટાઘાટ (૪)
૨૦. અંદર (૨)
૨૧. નરમ ના હોય તેવું (૩)

### ઊભી ચાવી

૧. સંયોગ, જોગ... (૩)
૨. રાંધેલા, ચોખા (૨)
૩. લગ્ન વખતે વરરાજાને ઘોડા પર ફેરવ્યા તે (૪)
૪. સ્નાન કરવું (૨)
૫. સમાચાર (૩)
૬. ડરપોક (૩)
૮. હીસ્ટીરીયા (૨)
૯. હાર (૪)
૧૦. ખુદના વખાણ કરવા તે (૫)
૧૧. ગરમ વસ્તુથી દઝાડવું તે (૨)
૧૨. અવાજ, શોર (૪)
૧૩. ભાત ઓસારીને બનાવતા વધતું પાણી (૪)
૧૪. સત્વ ગુણવાળું (૪)
૧૬. 'રાન' શબ્દ ઊંધો (૨)
૧૯. બતક, એક પક્ષી (૨)

### શબ્દાવલી ૫૪૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) મોરસ (૩) આવડત (૬) વાસી (૮) કાઠીયાવાડ (૧૧) નરસુ (૧૩) સથવારો (૧૫) લકવા (૧૭) જણસ (૧૮) ભારો (૨૧) કસમકસ

**ઊભી ચાવી :-** (૧) મોવાળો (૨) રસી (૪) વડવાનલ (૫) તર્ક (૭) ભઠીયારો (૯) ડરકણું (૧૦) પથ (૧૨) સુવા (૧૩) સમજણ (૧૪) વારસ (૧૬) આભાસ (૧૯) રોમ (૨૦) કસ

## કલા ગુર્જરી અને સૌરાષ્ટ્ર - કચ્છા સમાજ દિવંગત કલાકારોને સ્વરાંજલિ અર્પણ કરશે

શ્રી રામજીભાઈ વાણિયા, શ્રી બાબુભાઈ રાણપરા, શ્રી નાનકભાઈ ઝવેરચંદ મેઘાણી તથા વિરલ અરવિંદભાઈ બારોટ જેવા ગુજરાતના નામી કલાકાર-સાહિત્યકારે આપણી વચ્ચેથી કાયમી વિદાય લીધી છે. આ સૌ દિવંગત આત્માને સ્વરાંજલિ આપવાના હેતુથી તા. ૧ ઓગષ્ટ, ૨૦૧૪ની રાત્રે ૯-૦૦ કલાકે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે કલા ગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના સંયુકત ઉપક્રમે સ્વરાંજલિનું આયોજન કરેલ છે. જેમાં ગુજરાતના ખૂબ જ વરિષ્ટ કલાકારો શ્રી પ્રફુલ દવે, શ્રી ભીખુદાનભાઈ ગઢવી, શ્રી ઉસ્માન મીર, શ્રી બિરાહી હેમુ ગઢવી, યોગેશ ગઢવી, સુશ્રી દમયંતિ બરડાઈ, મીના પટેલ, સંગીતા લાબડીયા તથા સુશ્રી કલ્યાણી કૌઠારકર આ દિવંગત આત્માને સ્વરાંજલિ આપશે. સૌએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે. આ મનોરંજન કાર્યક્રમ ન હોઈ ઉપસ્થિત રહેનારા સૌ કલા-સાહિત્ય પ્રેમી શ્રોતાઓને સમયપાલન અને શિસ્ત પાલન માટે વિનંતી છે. સ્વરાંજલિ સભા હોવાથી આ સભાના કોઈ નિમંત્રણ કાર્ડ છપાવવામાં આવેલ નથી જેની સૌએ નોંધ લેવી.

## 'ગર્વ' પરિવાર દ્વારા સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-અમદાવાદ રીજીયન વેટરનરી એસોસિએશન 'ગર્વ'નો સ્નેહમિલન સમારોહ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાયો હતો. સમારોહમાં ગર્વ પરિવારના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગર્વ પરિવાર દ્વારા ટાઉનહોલ ગાંધીનગર ખાતે ડૉ. અનંત કાછિયાના પ્રમુખ સ્થાને સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં ગર્વ પરિવારના બાળકોને શૈક્ષણિક પુરસ્કાર, વેટરનરી ડૉકટરોનું સન્માન, નવ પરણિત યુગલોનું સન્માન અને પરિવારમાં તાજા જન્મેલા શિશુઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પરિવારના સભ્યોને ડૉ. ડી.એચ. પટેલ દ્વારા અંધ-શ્રધ્ધા, હિપ્રોટીઝમ, મેજીક વિષય પર માર્ગદર્શન પુરું પાડયું હતું. તેમજ અંધશ્રધ્ધા વિશે પ્રેકટીકલ બતાવી ધૂતરાઓ કેવી રીતે ધૂત કરી નાગરિકોને છેતરે છે તે બતાવ્યું હતું. સ્નેહમિલન સમારોહમાં જયંત કાચા, ડી.કે. પટેલ સહિત પરિવારના સભ્યો સહ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહમિલન સમારોહનું સંચાલન ડૉ. એન.વી. પ્રજાપતિ અને ડૉ. મહેશ એન. પટેલે કર્યું હતું.

## અનરાધાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયો છે. પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ ૧૨.૦૩ ઈંચ વરસાદ થયો હતો.જ્યારે પૂર્વ ઝોનમાં ૧૦.૬૧ ઈંચ અને ઉત્તર ઝોનમાં ૯.૯૧ ઈંચ વરસાદ થયો હતો. ગઈકાલે બપોરે બે વાગ્યાથી આજે સવારે ૭ વાગ્યા સુધી ૧૨ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો હતો. નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરાઈ હતી. હજુ અમદાવાદ શહેરમાં પણ આગામી ૨૪ કલાક દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ગઈકાલે સાંજે કલાકોના ગાળામાં જ ત્રણ ઈંચની આસપાસ વરસાદ થઈ જતાં સાંજે ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. આવી જ સ્થિતી આજે સતત બીજા દિવસે રહી હતી. પૂર્વ અમદાવાદમાં સૌથી કફોડી હાલત થઈ છે. અહીં હાટકેશ્વર ખાતે પાણી ભરાઈ ગયા હતા. સીટીએમ, ભાઈપુરાની કેટલીક સોસાયટીઓ, ખોખરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડ, પુનિતનગર, મણિનગર, જશોદાનગર, ભૈરવનાથ ચાર રસ્તા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. કાગડાપીઠ, સત્યમનગરમાં પણ પાણી ભરાઈ ગયા હતા. અમરાઈવાડી, ચમનપુરામાં સૌથી વધુ હાલત કફોડી બની હતી. અમદાવાદમાં ગઈકાલ સાંજથી આજે સાંજે ચાર વાગ્યા સુધી પણ સારો એવો વરસાદ થઈ ચુક્યો હતો. ગુપ્તાનગરમાં ભુઆ પડ્યાના સમાચાર મળ્યા હતા. બાપુનગર, મેઘાણીનગર, ચમનપુરા, અસારવા સહિતના વિસ્તારમાં લોકો વધુ મુશ્કેલીમાં મુકાયા હતા. આજે સવારે જ બીઆરટીએસ અને એએમટીએસના રૂટ બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્કુલ અને કોલેજો બંધ જાહેર કરી દેવાઈ હતી વરસાદી પાણી ભરાતાં મચ્છરોના ઉપદ્રવની સાથે સાદા તાવના કેસો વધ્યા છે. જોકે, સ્થિતિમાં સુધાર થતાં મોડેથી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જેથી લોકોને રાહત થઈ હતી. વરસાદની અતિ તીવ્રતાના કારણે ૫૧ જગ્યાઓએ પાણી ભરાઈ જવાના કારણે વાહન વ્યવહારને માઠી અસર થઈ હતી. દક્ષિણ ઝોનમાં ખોખરા, હાટકેશ્વર, કૃષ્ણબાગ, રેલવે કોલોનીનો સમાવેશ થાય છે. જ્યારે પશ્ચિમ ઝોનમાં મેમનગર ફાયર સ્ટેશનથી વિજય ચાર રસ્તા, પંચવટી સર્કલ, કોમર્સ છ રસ્તા, વ્યાસવાડી ચાર રસ્તા, માણેકબાગનો સમાવેશ થાય છે. તમામ ઝોનમાં હાલત કફોડી રહી હતી. ચોમાસા દરમિયાન શહેરની સ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા તમામ પગલાઓ લેવામાં આવ્યા છે. સવારે અંડરપાસ બંધ કરવામાં આવ્યા હતા જેમાં પરિમલ સ્ટેડિયમ, ઉસ્માનપુરા, અખબારનગર, નિર્ણયનગર, કુબેરનગર, શાહીબાગનો સમાવેશ થાય છે. જોકે મોડેથી પાણીને દૂર કરવાની કામગીરી હાથ ધરીને અન્ડર પાસ ચાલુ કરાયા હતા. ભયજનક મકાનો પડવાની ફરીયાદો પણ મળી હતી.

સોમવારે જ કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે, ૨૬ જુલાઈ સુધીમાં સાદા મેલેરિયાના ૨૯૩ કેસો, ઝેરી મેલેરિયાના ૧૦ કેસો તેમજ ચીકન ગુનિયાના ૦૨ અને ડેન્ગ્યુના ૧૩ કેસો સપાટી પર આવ્યા છે.

## બેના મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુકીને વિદ્યાર્થીને બચાવવા -યત્ન કર્યો અને બહાર કાઢ્યો પરંતુ ત્યાં સુધીમાં વિદ્યાર્થીનો શ્વાસ રૂંધાઈ ચુક્યો હતો. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વિદ્યાર્થીના મૃતદેહનું પીએમ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કલોલના છત્રાલ વિસ્તારમાં સ્થિત એકો ઈન્ડસ્ટ્રીની ઓરડીમાં ગઈ રાત્રે વીજળી પડતા એક ૨૫ વર્ષીય યુવાનનું મૃત્યુ થયાની ઘટના પણ -કાશમાં આવી છે. ઓરડી પર વીજળી પડતા શરીરે દાઝી જવાથી ૨૫ વર્ષીય દિલીપભાઈ ધનાજી ઠાકોરનું મૃત્યુ થયું હતું. વરસાદે જિલ્લામાં એક વિદ્યાર્થી સ્થિત બે વ્યક્તિના ભોગ લઈ લીધા છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫,
'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો છે

દૂધ અને છાશના પેકીંગ મશીન માટે ઓપરેટીંગ અને મેઈન્ટેનન્સ માટેનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. સ્કીલ્ડ સ્ટાફ, ઈ.એસ.આઈ. નંબર, પી.એફ. વગેરેનું લાયસન્સ ધરાવતી પાર્ટીઓએ ૧ લીટર પેકીંગનો દર જણાવવાનો રહેશે. તા. ૭/૮/૨૦૧૪ સુધીમાં પોતાના ભાવ સાથેની અરજી અત્રેની સંસ્થામાં પહોંચાડવાની રહેશે. ભાવ/ઓફર સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

## પાણી ઉલેચવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આસપાસ પણ પાણી ઘમરોળાતુ જોવા મળ્યું હતું. વહેલી સવારે પણ હળવો વરસાદ ચાલુ હોવાથી તંત્રએ પાણી ઉલેચવાની કામગીરી શરુ કરી દીધી હતી. પાટનગર યોજના ભવનના અધિકારીઓ સહિત ૩૫ માણસોની ટીમ સવારથી જ કામે લાગી ગઈ હતી તંત્રની ટીમે બે જેસીબી અને જેટીંગ મશીન દ્વારા કામ હાથ ધર્યું હતું. મેઈનહોલમાં ભરાયેલો કચરો દૂર કરી પાણી જવાની જગ્યા કરી હતી જયારે કેટલાક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થતા ટ્રાફિક માટે અડચણ સર્જાઈ હતી. જેસીબી મશીનની મદદથી માર્ગ પરથી વૃક્ષોની આડશ દૂર કરી હતી. મુખ્યમાર્ગો પર ૧૨ જેટલા વૃક્ષો જમીનદોસ્ત થઈ આડશ બન્યા હતા જયારે કેટલાક ઠેકાણે નાના મોટા ભુવાઓ દૂર કરવા તેમજ માટીના ધોવાણને ધ્યાને લઈ પુરાણ કરવામાં આવ્યું હતું. સેકટરોના આંતરિક માર્ગો પર પણ વૃક્ષો નમી પડયા હતા. જો કે બપોરે ઉઘાડ નીકળતા માર્ગો પરથી પણ વરસાદી પાણી ઓસરી ગયા હતા.

## કોમન પ્લોટ્સ બેટમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સે. ૧નું તળાવ પણ વરસાદી પાણીથી ઉભરાતા તળાવની રોનક નિખરી હતી. સરકારી શાળાઓના પટાંગણમાં પણ પાણીનો ભરાવો થયો હતો. ફાયર સ્ટેશનની સંકુલમાં જ જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. શહેરી વિસ્તારના ગામોમાં પણ વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કીચડ અને ગંદકી જોવા મળી હતી. વાવોલમાં પણ ઠેર-ઠેર માટી-પોલાણની સાથે મેદાનમાં જળબંબાકાર જોવા મળ્યો હતો.